TATA SHAKTEE GC SHEET
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
ISC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝ્ડના પતરા
• JSW | મોરછાપ | Colouron+ પતરા
• JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
• સીમેન્ટ | પ્લાસ્ટીકના નાળવાળા | પ્લેન પતરા | સ્ક્રુ
• પોલીકાર્બોનેટ | PVC શીટ | ફ્રેમીંગ એસેસરીઝ
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ બારસ મંગળવાર ૧૪ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૪૫

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

અખાતના તમામ બંદરો પર હુમલાની ઈરાનની ધમકી

અમેરિકી નૌકાદળે ચેતવણી હળવી કરી, હવે સંપૂર્ણ નાકાબંધી નહીં થાય, બિન-ઈરાની બંદરોએ જતા જહાજોને પસાર થવા દેવાશે

કૈરો, તા. 13 : અમેરિકી સૈન્ય સોમવારથી ઈરાનના તમામ બંદરો અને દરિયાકાંઠાના વિસ્તારોની નાકેબંધી કરવા માટે સજ્જ થયું છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર દબાણ વધારવાના પ્રયાસરૂપે આ પગલું ભર્યું છે, જેના કારણે તેલના ભાવમાં વધુ વધારો થવાનું અને યુદ્ધ ફરીથી ભભૂકી ઉઠવાનું જોખમ રહેલું છે. ઈરાને આના જવાબમાં પર્શિયન ગલ્ફ અને ઓમાનની ખાડીના તમામ બંદરો પર હુમલાની ધમકી આપી છે.

ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન બ્રોડકાસ્ટિંગે સોમવારે અહેવાલ આપ્યો હતો કે, પર્શિયન ગલ્ફ અને ઓમાનના સમુદ્રમાં સુરક્ષા કાં તો દરેક માટે હશે અથવા કોઈ માટે નહીં. આ ક્ષેત્રનું કોઈ પણ બંદર સુરક્ષિત રહેશે નહીં, તેવું ઈરાની સૈન્ય અને રિવોલ્યુશનરી ગાર્ડ્સના એક નિવેદનમાં જણાવાયું છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડ(CENTCOM)એ જાહેરાત કરી હતી કે સવારના ૧૦ વાગ્યાથી (EDT), અથવા ઈરાનમાં સાંજના ૬:૩૦ વાગ્યાથી, ઈરાની બંદરો અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રવેશતા અથવા બહાર નીકળતા તમામ રાષ્ટ્રોના જહાજો વિરુદ્ધ નાકેબંધી લાગુ કરવામાં આવશે. સુરંગો ખસેડવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે એમ જણાવાયું છે. તેમાં જણાવાયું છે કે આમાં પર્શિયન ગલ્ફ અને ઓમાનની ખાડી પરના ઈરાનના તમામ બંદરોનો સમાવેશ

...અનુસંધાન પાના 15 પર

નાકાબંધી શરૂ થઇ કે નહીં? તે અંગે ગુંચવાડો

જ્યારે નિર્ધારિત સમય સવારે ૧૦ વાગ્યાનો (EDT) આવ્યો, ત્યારે એ સ્પષ્ટ નહોતું કે નાકાબંધી શરૂ થઈ હતી કે નહીં. તેની થોડી મિનિટો પહેલાં, યુનાઇટેડ કિંગડમ મેરિટાઇમ ટ્રેડ ઓપરેશન્સ એજન્સી, જે દરિયાઈ સુરક્ષા પર નજર રાખે છે, તેના દ્વારા નાવિકો માટે જારી કરાયેલ એક નોટિસમાં જણાવવામાં આવ્યું હતું કે આ પ્રતિબંધોમાં ઈરાનના સમગ્ર દરિયાકિનારા, બંદરો અને ઊર્જા માળખાગત સુવિધાઓનો સમાવેશ થાય છે. નોટિસમાં ઉમેર્યું હતું કે આ પગલાં દ્વારા બિન-ઈરાની સ્થળોએ આવતી-જતી જહાજોની અવરજવરને અવરોધિત કરવામાં આવી નથી, પરંતુ તે જ સમયે ચેતવણી આપી હતી કે જહાજોએ સમુદ્રધુનીમાં લશ્કરી હાજરીનો સામનો કરવો પડી શકે છે.

ઈરાન પર દબાણ લાવવાનો હેતુ

આ નાકેબંદીનો ઉદ્દેશ્ય ઈરાન પર દબાણ વધારવાનો છે, જેણે યુદ્ધ શરૂ થયા પછી લાખો બેરલ તેલની નિકાસ કરી છે, જેમાંથી મોટાભાગનું કદાચ ડાર્ક ટ્રાન્ઝિટ દ્વારા લઈ જવામાં આવ્યું છે જે પશ્ચિમી સરકારના પ્રતિબંધો અને દેખરેખથી બચે છે.

નાકાબંધી હોર્મુઝની બહાર થશે

અમેરિકી સૈન્યએ ખુલાસો કર્યો છે કે તે ઓમાનના અખાત અને હોર્મુઝની સામુદ્રધુનીની પૂર્વમાં આવેલા અરબી સમુદ્રમાં નાકાબંધી લાગુ કરશે અને તે કોઈપણ દેશના ધ્વજ હેઠળના તમામ જહાજોને લાગુ પડશે. સોમવારે નાવિકો માટેની એક નોંધમાં, યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે આ નાકાબંધી સોમવારે સવારે 10:00 વાગ્યે (EST)થી અમલમાં આવશે. નોંધમાં ઉમેર્યું છે કે, 'પરવાનગી વગર નાકાબંધીવાળા વિસ્તારમાં પ્રવેશતા અથવા ત્યાંથી બહાર નીકળતા કોઈપણ જહાજને અટકાવવામાં આવશે, તેનો માર્ગ બદલવામાં આવશે અથવા તેને કબજે કરવામાં આવી શકે છે.' 'આ નાકાબંધી હોર્મુઝની સામુદ્રધુની મારફતે બિન-ઈરાની સ્થળોએ જતા અથવા ત્યાંથી આવતા તટસ્થ જહાજોના પરિવહનમાં કોઈ અવરોધ ઉભો કરશે નહીં.'

ઈરાન સ્પીડબોટોથી મુકાબલો કરશે

ઈરાનના જણાવ્યા અનુસાર, ઈસ્લામિક રિપબ્લિક પાસે 3,000 થી 5,000 સ્પીડબોટ્સ (ઝડપી નૌકાઓ)નો કાફલો છે, જેમાં સેરાજ-1 (Seraj-1) નો પણ સમાવેશ થાય છે. આ નૌકા અત્યંત સ્થિર હોવાનું કહેવાય છે, જે તોફાની સમુદ્રમાં પણ હથિયારો છોડવા માટે અનુકૂળ પરિસ્થિતિ પૂરી પાડે છે. આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેઓ આજે બ્રિટિશ સમય મુજબ બપોરે 3 વાગ્યે ઈરાની બંદરોની નાકેબંધી શરૂ કરશે. અગાઉ વીકેન્ડ દરમિયાન યોજાયેલી યુદ્ધવિરામની વાટાઘાટો કોઈ સમજૂતી વિના સમાપ્ત થઈ હતી. ઈરાનનું પરંપરાગત નૌકાદળ, જે મોટા યુદ્ધજહાજો અને ફ્રિગેટ્સ ચલાવે છે, તે લાંબા સમયથી વધુ પ્રતિકાત્મક ભૂમિકા ભજવી રહ્યું છે, જેનો મુખ્ય હેતુ પ્રતિષ્ઠા અને ક્યારેક લાંબા અંતરના મિશન પર ધ્યાન કેન્દ્રિત કરવાનો રહ્યો છે. જો કે, અર્દાલશ્કરી દળ IRGC (ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ) પાસે એક અલગ કાફલો છે, જે દરિયાઈ માર્ગો પર નિયંત્રણ મેળવવા માટે ઝડપ અને લવચીકતાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યો છે. સંઘર્ષના શરૂઆતના દિવસોમાં ઈરાની સ્ટેટ મીડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા ફૂટેજમાં નૌકાદળના ડ્રોન, એન્ટી-શિપ મિસાઇલો અને દરિયાઈ સુરંગોથી ભરેલા ભૂગર્ભ ટનલ નેટવર્ક બતાવવામાં આવ્યા હતા.

મર્યાદિત જહાજી ટ્રાફિક શરૂ થયો હતો તે પણ અટકી ગયો

લોયડ્સ લિસ્ટ ઇન્ટેલિજન્સના અહેવાલ મુજબ, આ જાહેરાતને કારણે યુદ્ધવિરામ પછી સ્ટ્રેટમાં જે મર્યાદિત શિપ ટ્રાફિક ફરી શરૂ થયો હતો તે અટકી ગયો છે. મરીન ટ્રેકર્સ કહે છે કે યુદ્ધવિરામની શરૂઆતથી અત્યાર સુધીમાં ૪૦થી વધુ વ્યાપારી જહાજો પસાર થયા છે, જે યુદ્ધ પહેલાના દરરોજના અંદાજે ૧૦૦ થી ૧૩૫ જહાજોની સરખામણીમાં ઘણા ઓછા છે. શનિવારે પાકિસ્તાનમાં અમેરિકા-ઈરાન વચ્ચેની લાંબી યુદ્ધવિરામ વાટાઘાટો કોઈ સમજૂતી વિના સમાપ્ત થયા બાદ આ નાકેબંધીની ધમકી આવી છે.

સંપૂર્ણ રાજકીય સન્માન સાથે થયા અંતિમ સંસ્કાર

આશા ભોંસલેને ભીની આંખે અંતિમ વિદાય

પુત્ર આનંદે મુખાગ્નિ આપી, પંચમહાભૂતમાં વિલીન થયેલો આશાજીનો નશ્વર દેહ

બોલીવુડ અને રાજકીય જગતના અનેક મહાનુભાવોની હાજરી

મુંબઈ, તા. ૧૩(PTI): 'અભી ના જાઓ છોડકર...' જ્યારે સંગીત સમ્રાજ્ઞી આશા ભોંસલેને અંતિમ વિદાય આપવા માટે શિવાજી પાર્ક સ્મશાનગૃહની અંદર અને બહાર સેંકડો લોકો એકઠા થયા હતા, ત્યારે પૃષ્ઠભૂમિમાં આ ગીતના કરુણ સૂર ગુંજી રહ્યા હતા.

દાયકાઓ સુધી સંગીત જગત પર રાજ કરનારા અને આજે પણ જેમના ગીતો લોકપ્રિય છે તેવા મહાન ગાયકોમાં કદાચ છેલ્લા એવા આશા ભોંસલેના અંતિમ સંસ્કાર હિન્દુ વિધિ મુજબ અને સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા હતા. તેમના પુત્ર આનંદે અંતિમ વિધિ કરી હતી. દંતકથારૂપ મંગેશકર બહેનોમાંના એક એવા આશા ભોંસલેનું રવિવારે મલ્ટી-ઓર્ગન ફેલ્યોરને કારણે નિધન થયું હતું. ફેબ્રુઆરી ૨૦૨૨માં જ્યારે તેમના લતા દીદીનું અવસાન થયું ત્યારે તેમની ઉંમર ૯૨ વર્ષ હતી, આશાજીની ઉંમર પણ ૯૨ વર્ષ જ હતી.

પીળા અને નારંગી ગલગોટાના ફૂલોથી શણગારેલી ચિતાની આસપાસ પુરોહિતોએ મંત્રોચ્ચાર કર્યા હતા. તેમની પૌત્રી ઝનાઇ અત્યંત શોકમગ્ન હતી. તેમના બહેન અને ગાયિકા ઉષા મંગેશકર અને ભાઈ તથા સંગીતકાર હૃદયનાથ મંગેશકર પણ ત્યાં હાજર હતા. ભારતની આ અજોડ ગાયિકાને અંતિમ શ્રદ્ધાંજલિ આપવા માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને સુનેત્રા પવાર, દિગ્દર્શક રમેશ સિપ્પી અને અભિનેતા આમિર ખાન તથા વિકી કૌશલ ઉપસ્થિત રહ્યા હતા. આ ક્ષણ જેટલી ગમગીન હતી એટલી જ સંગીતમય પણ હતી. ચિતાને મુખાગ્નિ આપવામાં આવે તે પહેલા ગાયક શાન, સુદેશ ભોંસલે અને અનુપ જલોટાએ આ અમર ગાયિકાને સંગીતમય શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ફૂલોથી સજ્જ પાલખી પર આશાજીનો એક વિશાળ ફોટો મૂકવામાં આવ્યો હતો, જેમાં તેઓ લાલ સાડી, તેમની ટ્રેડમાર્ક બિંદી

...અનુસંધાન પાના 15 પર

રસ્તાઓ પર ભારે ભીડ: 'આશા તાઇ અમર રહે'ના નારા ગુંજ્યા

અંતિમ યાત્રા વખતે મોટી સંખ્યામાં લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા, છત અને બારીઓ પર ભીડ જામી હતી, અને સેંકડો લોકો લોઅર પરેલ સ્થિત તેમના નિવાસસ્થાનેથી શિવાજી પાર્ક સુધીની અંતિમ યાત્રામાં જોડાયા હતા. આશા તાઈ અમર રહેના નારાઓ ગુંજી ઉઠ્યા હતા.

દિલ્હી ડાયરી

રાજનાથ સિંહે લીધો મલયાલમ ફિલ્મોનો સહારો

રક્ષામંત્રી રાજનાથ સિંહ કેરળવાસીઓના મલયાલમ ફિલ્મો પ્રત્યેના પ્રેમને સમજી ગયા હોય તેમ લાગે છે. રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં ભાગ લેતી વખતે લોકોનું ધ્યાન ખેંચવા માટે તેમણે પોતાના ભાષણોમાં મલયાલમ ફિલ્મોના સંદર્ભોનો ઉપયોગ કરવાની કળામાં નિપુણતા મેળવવાનો પ્રયાસ કર્યો છે. ચૂંટણી પ્રચારની શરૂઆતમાં રાજ્યમાં પોતાના પ્રથમ સંબોધનમાં સિંહે ત્રણ મલયાલમ ફિલ્મોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે સોનાની દાણચોરીના કેસનો ઉલ્લેખ કરવા માટે 'પોનમન' ગુનાખોરીનો દર અને નશીલા પદાર્થોના દુરુપયોગનો ઉલ્લેખ કરવા માટે 'ભ્રમયુગમ' અને 'ધ કેરળ સ્ટોરી'નો ઉલ્લેખ કરતા લોકોને વિનંતી કરી કે ફિલ્મમાં જે દર્શાવવામાં આવ્યું છે તે વાસ્તવિક જીવનમાં ન થાય તેની ખાતરી કરે. ફિલ્મો સાથે ઓછો સંબંધ ધરાવતા સિંહે પોતે આ ફિલ્મો જોઈ છે કે કેમ તે જાણી શકાયું નથી અથવા તો તેમણે માત્ર લોકો સાથે જોડાવા માટે ફિલ્મોનો એક વ્યૂહ તરીકે ઉપયોગ કર્યો હતો. ગમે તે હોય, પણ એવા

...અનુસંધાન પાના 15 પર

આ વખતે ચોમાસુ નબળું રહેશે: હવામાન વિભાગ

લાંબા ગાળાની સરેરાશના ૯૨ ટકા જેટલો વરસાદ થશે

અલ-નીનો માથું ઉચકી શકે છે તેની અસર ચોમાસા પર થશે

નવી દિલ્હી, તા. 13(PTI): ભારતીય હવામાન વિભાગ (IMD) એ સોમવારે જણાવ્યું હતું કે આ વર્ષે દેશમાં ચોમાસાનો વરસાદ સામાન્ય કરતા ઓછો રહેવાની શક્યતા છે. ત્રણ વર્ષના ગાળા પછી જૂન મહિનામાં 'અલ નીનો'ની સ્થિતિ સર્જાવાની શક્યતા છે, જે ભારતની કૃષિ-આધારિત અર્થવ્યવસ્થાની જીવાદોરી સમાન દક્ષિણ-પશ્ચિમ ચોમાસાને અસર કરી શકે છે.

ભારતમાં જૂનથી સપ્ટેમ્બરની સીઝન દરમિયાન 80 સેમી વરસાદ થવાની સંભાવના છે. IMDના જણાવ્યા અનુસાર, ભારતનો લાંબા ગાળાનો સરેરાશ (1971-2020) મોસમી વરસાદ 87 સેમી છે. એક પ્રેસ કોન્ફરન્સમાં સંબોધન કરતા હવામાન ખાતાના ડાયરેક્ટર જનરલ ઓફ મેટિયોરોલોજી એમ. મોહપાત્રાએ જણાવ્યું હતું કે, જથ્થાત્મક રીતે, સમગ્ર દેશમાં મોસમી વરસાદ લાંબા ગાળાની સરેરાશ (LPA)ના 92 ટકા રહેવાની શક્યતા છે, જેમાં +/- 5 ટકાની મોડેલ ભૂલ હોઈ શકે છે. ઉત્તર-પૂર્વ, ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ દ્વીપકલ્પના કેટલાક વિસ્તારો-જ્યાં સામાન્યથી વધુ વરસાદ થઈ શકે છે-તેને બાદ કરતાં દેશના મોટાભાગના ભાગોમાં સામાન્ય કરતાં ઓછો મોસમી વરસાદ અપેક્ષિત છે. સામાન્ય કરતાં ઓછા વરસાદનું એક કારણ અલ નીનોની સ્થિતિનો ઉદભવ હોઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ક્લાઈમેટ મોડલ્સ સૂચવે છે કે જૂનની આસપાસ અલ નીનોની સ્થિતિ સર્જાઈ શકે છે. અલ નીનો એ વિષુવવૃત્તીય પેસિફિક મહાસાગરના ગરમ થવાની પ્રક્રિયા છે જે વિશ્વભરના હવામાનને અસર કરે છે. છેલ્લે 2023 માં અલ નીનોની સ્થિતિ સર્જાઈ હતી. વર્ષ 2000 પછી,

...અનુસંધાન પાના 15 પર

2029થી મહિલા અનામત લાગુ કરાશે: પીએમ મોદી

ભારત 21મી સદીના સૌથી ઐતિહાસિક નિર્ણયની ઉંબરે લોકસભાની બેઠકો વધીને 816 થશે, જેમાં 273 બેઠકો મહિલાઓ માટે અનામત રખાશે

16થી 18 એપ્રિલ દરમિયાન યોજાનારા સંસદના વિશેષ સત્રમાં આ કાયદામાં સુધારો કરાશે

નવી દિલ્હી, તા. 13 (PTI): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે, ભારત 21મી સદીના સૌથી મહત્વપૂર્ણ નિર્ણયો પૈકીના એક લેવાની ઉંબરે ઊભું છે. સંસદમાં 16થી 18 એપ્રિલ દરમિયાન યોજાનારા વિશેષ સત્રમાં મહિલા અનામત કાયદામાં સુધારો કરીને વર્ષ 2029થી જ તેનો અમલ કરવા માટેનો માર્ગ મોકળો કરવામાં આવશે, જે દાયકાઓથી ચાલી રહેલી પ્રતીક્ષાનો અંત લાવશે.

એક મહિલા સંમેલનને સંબોધતા વડા પ્રધાને કહ્યું કે, વર્ષ 2023માં જ્યારે 'નારી શક્તિ વંદન અધિનિયમ' કાયદો લાવવામાં આવ્યો ત્યારે તમામ પક્ષોએ તેને સર્વાનુમતે પસાર કર્યો હતો અને ખાસ કરીને વિપક્ષ દ્વારા તેને 2029થી અમલમાં લાવવાની સામૂહિક માગ કરવામાં આવી હતી. વર્તમાન કાયદા મુજબ, વસ્તી ગણતરી અને સીમાંકન પ્રક્રિયાને કારણે મહિલા અનામત 2034 પહેલા લાગુ થઈ શકે તેમ ન હતી, પરંતુ હવે બંધારણીય સુધારા દ્વારા તેને 2029ની લોકસભા ચૂંટણીથી જ લાગુ કરવાનો નિર્ણય લેવાયો છે.

આ સુધારા પસાર થયા બાદ લોકસભાની બેઠકોની સંખ્યા વધીને 816 થશે, જેમાંથી 273 બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે આ નિર્ણય સામાજિક ન્યાયને માત્ર સૂત્ર પૂરતો સીમિત ન રાખતા તેને આપણી કાર્યસંસ્કૃતિનો ભાગ બનાવશે. તેમણે પંચાયતી રાજ સંસ્થાઓનો દાખલો આપતા કહ્યું કે, હાલમાં 14 લાખથી વધુ મહિલાઓ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં

...અનુસંધાન પાના 15 પર

ઈરાને ભારતીય જહાજોને સુરક્ષિત રસ્તો આપવાની ખાતરી આપી

ભારતના 40% તેલ પુરવઠા પરનું સંકટ ટળ્યું

અગાઉ અટકાવેલા પાકિસ્તાનના બે વેપારી જહાજોને પણ ઈરાને આપી આગળ વધવાની મંજૂરી

નવી દિલ્હી, તા. 13: મધ્ય પૂર્વમાં ઇઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા તણાવ અને અમેરિકાની નૌકાબંધીની ચેતવણી વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોને લઈને ઈરાને મહત્વના નિર્ણયો લીધા છે. ઈરાને ભારતને ખાતરી આપી છે કે ભારતીય જહાજો આ વ્યૂહાત્મક માર્ગ પરથી સુરક્ષિત રીતે પસાર થઈ શકશે, જેનાથી ભારતની તેલ સપ્લાય પરનું સંકટ ટળ્યું છે. નોંધનીય છે કે ભારત તેના કુલ કાચા તેલની જરૂરિયાતનું લગભગ 40% તેલ આ જ રસ્તેથી મેળવે છે.

બીજી તરફ, ઈરાને પાકિસ્તાનના બે વ્યાપારી જહાજો - 'શાલીમાર' અને 'ખેરપુર'ને પણ હોર્મુઝ સ્ટ્રેટ પાર કરવાની મંજૂરી આપી દીધી છે. અગાઉ રવિવારે ઈરાની સત્તાવાળાઓએ આ જહાજોને અટકાવી પરત જવા કહ્યું હતું, પરંતુ ટૂંક સમયમાં જ તેમને કુવૈત અને સંયુક્ત આરબ અમીરાત તરફ જવાની પરવાનગી મળી ગઈ હતી. આ જહાજો લાખો લિટર ડીઝલ અને કાચું તેલ લઈને પરત ફરશે.

હોર્મુઝ સ્ટ્રેટ વૈશ્વિક તેલ અને ગેસ પુરવઠા માટે અત્યંત મહત્વનો

...અનુસંધાન પાના 15 પર

ઈરાનનો ટ્રમ્પને પડકાર: 'અમે 90 દિવસ સુધી નાકાબંધી સહન કરી શકીએ, શું તમે ટકી શકશો?'

તેહરાન, તા. 13: ઈરાને સોમવારે દાવો કર્યો હતો કે તે સમુદ્રમાં ટેન્કરોમાં સંગ્રહિત તેલના આધારે ત્રણ મહિના સુધી અમેરિકાની નૌકાબંધીનો સામનો કરી શકે છે. બલ્ગેરિયા સ્થિત ઈરાની દૂતાવાસે સોશિયલ મીડિયા પર ડોનાલ્ડ ટ્રમ્પની મજાક ઉડાવતા પૂછ્યું કે, 'ઈરાન પાસે 90 દિવસ સુધી વેચી શકાય તેટલું તેલ ટેન્કરોમાં તૈયાર છે, શું તમે અને તમારા સાથી દેશો આટલો સમય ટકી શકશો?'

રવિવારે ટ્રમ્પે હોર્મુઝની ખાડીમાં ઈરાની બંદરો સાથે સંકળાયેલા જહાજો પર નૌકાબંધીની જાહેરાત કરી હતી. મધ્ય પૂર્વમાં યુદ્ધ શરૂ થયા બાદ હોર્મુઝની ખાડી મોટાભાગે બંધ હોવાથી વૈશ્વિક સ્તરે ઉર્જાના ભાવ વધ્યા છે. નોંધનીય છે કે ભારતનો 90% એલપીજી પુરવઠો આ માર્ગે પસાર થાય છે.

નિષ્ણાતોના મતે, ઈરાનનો આ દાવો પાયાવિહોણો નથી. સેટેલાઇટ ઈમેજરી મુજબ, હોર્મુઝની ખાડી નજીક ઈરાનના એવા સુપરટેન્કરો જોવા મળ્યા છે જે આશરે 21 મિલિયન બેરલ તેલનો સંગ્રહ કરી શકે છે. ઈરાન આ 'ફ્લોટિંગ સ્ટોરેજ' દ્વારા બજારમાં ભય અને અનિશ્ચિતતા ફેલાવીને અમેરિકા અને તેના સાથી દેશો પર આર્થિક દબાણ લાવવા માગે છે.

આપ કા ક્યા હોગા...

ઈરાનની ટ્રમ્પને ગાણિતિક ચેતવણી

નવી દિલ્હી : સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર વધી રહેલા તણાવ વચ્ચે ઈરાનના સંસદ સ્પીકર મોહમ્મદ બાગેર ગાલિબાફે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ચેતવણી આપવા માટે ગણિતના સમીકરણનો અનોખો સહારો લીધો છે. ટ્રમ્પે રવિવારે જાહેરાત કરી હતી કે અમેરિકા ઈરાન સાથે સંકળાયેલા દરિયાઈ ટ્રાફિક પર કડક નૌકાબંધી (નવેલ બ્લોકેડ) લાદશે, જેનો અમલ આજે ભારતીય સમય મુજબ રાત્રે 7.30 વાગ્યાથી શરૂ થવાની શક્યતા છે. ગાલિબાફે સોશિયલ મીડિયા પર 'O-BSOH > 0 f(f(O)) > f(O)' ફોર્મ્યુલા શેર કરી છે. નિષ્ણાતોના મતે, આ એન્જિનિયરિંગ શૈલીના સમીકરણનો અર્થ એ છે કે તેલના પુરવઠામાં નાનો અવરોધ પણ અર્થતંત્ર પર અપ્રમાણસર અને ખૂબ મોટી અસર કરી શકે છે. અહીં 'BSOH' હોર્મુઝની નૌકાબંધી સૂચવે છે. આ ગણિત પાછળનો તર્ક એ છે કે તેલના પુરવઠામાં પ્રારંભિક ઘટાડાથી માત્ર કિંમતો જ નથી વધતી, પરંતુ તે

...અનુસંધાન પાના 15 પર

તા. ૧૩-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૪૧.૪° સે.	૨૪.૦° સે.	૧૬%